# H-1B કે EB-5?

## વિઝા મિત્ર

★ સંગીતા જોશી

ચિંતન વડોદરિયા ગુજરાતનો એક આશાસ્પદ યુવાન છે. એણે મુંબઈની એક જાણીતી આઈટી કોલેજમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કર્યું છે અને એક જાણીતી આઈટી કંપનીએ એના માટે H-1Bનું પિટિશન દાખલ કરવાની ઓફર આપી છે. આ બધી પ્રક્રિયાઓ દરમિયાન જ સપ્ટેમ્બર 2025 માં ટ્રમ્પ દ્વારા કેટલાક H-1B ના પિટિશન ઉપર એક લાખ ડૉલરનું પ્રેસિડેન્શિયલ પ્રોક્લેમેશન લગાડવામાં આવ્યું. હવે ચિંતન પોતે પણ ચિંતામાં પડી ગયો કે એણે H-1B પર અમેરિકામાં નોકરી કરવા જવું કે નહીં અને એની કંપની શું આ એક લાખ ડોલર્સ એના માટે ભરશે? જો ભરશે તો આગળ જતાં એ રૂપિયા દેખીતી રીતે જ કંપની એના એમ્પ્લોયી આગળથી જ વસૂલશે. તો શું એ એના માટે ફાયદાકારક રહેશે? આ બધી ઉલઝનનો ઉપાય મેળવવા માટે એ અમારી પાસે આવ્યો.

આજે હું એની સાથે જે વાતચીત થઈ એના અંશ તમારી સામે રજૂ કરીશ.

**મારો એમ્પ્લોયર મારા માટે H-1Bનું પિટિશન દાખલ કરશે તો મારે એના ઉપર અમેરિકામાં નોકરી કરવા જવું કે નહીં?**

**ઉત્તર:** H-1B વિઝાની લોટરી હવે પગાર આધારિત થઈ ગઈ છે. એ ચાર ભાગમાં વહેંચાઈ ગઈ છે. સૌથી વધુ પગાર ધરાવતા એમ્પ્લોયીના નામની લોટરી ચાર વખત કાઢવામાં આવશે. એથી ઓછા પગારવાળા એમ્પ્લોયીના નામની લોટરી ત્રણ વખત. એથી ઓછા પગારવાળાની બે વખત અને સૌથી ઓછા પગારવાળાના નામની લોટરી એક વખત કાઢવામાં આવશે. આથી જેનો સૌથી વધુ પગાર હોય એનું નામ નીકળવાની શક્યતા ચાર ગણી વધુ થઈ જાય છે. ચિંતન, તું આઈટી પ્રોફેશનલ છે. તું સૌથી વધુ પગારવાળી કેટેગરીમાં આવે છે. એટલે લોટરીમાં તારું નામ નીકળવાની શક્યતા ચાર ગણી છે.

**જો મારું નામ નીકળે તો શું મારા એમ્પ્લોયરે મને અમેરિકામાં બોલાવવા માટે 1,00,000 ડોલર્સની ફી ભરવી પડશે?**

**ઉત્તર:** હા. કારણ કે તારું ભણતર ભારતમાં થયું છે. જો તું અમેરિકામાં સ્ટુડન્ટ વિઝા ઉપર હોત અથવા અમેરિકામાં બીજે ક્યાંક નોકરી કરતો હોત તો તારા એમ્પ્લોયરે આ ફી ન ભરવી પડત. હવે તો ડિપાર્ટમેન્ટ ઓફ લેબરે પણ પગારમાં વધારો ફરજિયાત કરી નાખ્યો છે. આથી તારા એમ્પ્લોયરે વર્ષે દહાડે તને લગભગ 14000 ડોલર્સ વધુ પગાર આપવો પડશે. આ ઉપરાંત એ તને અમેરિકામાંથી નહીં પણ ભારતમાંથી બોલાવશે આથી એણે 1,00,000 ડોલર્સની ફી પણ ભરવી પડશે. સ્વાભાવિક રીતે જ આ ફી લાંબા ગાળે તારી કંપની તારી પાસેથી જ કામ કરાવીને વસુલ કરશે.

**તો પછી મારે H-1B વિઝા પર અમેરિકામાં નોકરી કરવા જવું કે મારા માટે બીજો કોઈ રસ્તો ખુલ્લો છે જેના થકી હું અમેરિકા જઈને રહી શકું?**

**ઉત્તર:** છે. એક રસ્તો છે. અમેરિકાએ એક EB-5 પ્રોગ્રામ બનાવેલો છે. જેના હેઠળ તમે અમેરિકાના કોઈપણ રેકગ્નાઈઝ્ડ રીજનલ સેન્ટરમાં આઠ લાખ ડોલર્સનું રોકાણ કરીને ગ્રીનકાર્ડ લઈ શકો છો અને આગળ જતાં એ જ ગ્રીનકાર્ડ પરમેનેન્ટ થઈને તમને સિટીઝનશિપ પણ મળી શકે છે.

**આ EB-5 પ્રોગ્રામ વિશે મને થોડી જાણકારી આપશો?**

**ઉત્તર:-** એક જ વાક્યમાં કહું તો EB-5 પ્રોગ્રામ હેઠળ તમે અમેરિકામાં પૈસા ઈન્વેસ્ટ કરીને ગ્રીનકાર્ડ મેળવી શકો છો. આ પ્રોગ્રામમાં બે વિકલ્પ છે. વિકસિત એરિયામાં તમે જો પૈસા રોકવા માંગતા હો તો તમારે સાડા દસ લાખ ડોલર્સનું અને પછાત પ્રદેશમાં રોકાણ કરો તો આઠ લાખ ડોલર્સનું રોકાણ કરવું પડે. આ રોકાણ કરવા માટે તમે જે પૈસા વાપરો એ પૈસા ટેક્સ ભરેલા એટલે કે વ્હાઈટના હોવા જોઈએ. એ પૈસા તમે તમારા પોતાના કમાયેલા અથવા ભેટ મળેલા કે લોન લીધેલા હોય તો ચાલે પણ એ પૈસા ભેટ કે લોન આપનારે કેવી રીતે મેળવ્યા એ દર્શાવવું પડશે. આ ઉપરાંત તમારે કમસેકમ 10 અમેરિકનોને આ પ્રોજેક્ટમાં નોકરીએ રાખવા પડશે. જો તમારે જાતે ધંધામાં રોકાણ કરીને આ બધી પ્રક્રિયામાંથી પસાર ન થવું હોય તો તમે ગવર્મેન્ટે રેકગ્નાઈઝ કરેલા રીજનલ સેન્ટરમાં પણ પૈસા રોકી શકો છો. આ રોકાણ કરતાં તમારા વતી બધી જ શરતો રીજનલ સેન્ટર પૂરી કરશે. તમે આ રોકાણ ચાલુ રાખશો તો તમારું પિટિશન એપ્રુવ થતાં જ તમને અમેરિકાનું કંડિશનલ ગ્રીનકાર્ડ મળશે. આ ગ્રીનકાર્ડના 21 મહિના પછી તમે આ રોકાણ પાછું ખેંચી નથી લીધું અને રીજનલ સેન્ટરે તમારા વતી 10 અમેરિકનોને નોકરીમાં ચાલુ રાખ્યા છે તથા બાકીની શરતોનું પાલન કર્યું છે એ બતાવવાથી તમારું ગ્રીન કાર્ડ કાયમનું કરવામાં આવશે. ત્યારબાદ રીજનલ સેન્ટર તમને તમારી રોકાણની રકમ પ્રોફિટ કે લોસ મુજબ પાછી આપી શકશે અને આગળ જતાં તમે ઈચ્છો તો તમે અમેરિકાની સિટિઝનશીપ પણ મેળવી શકશો. આ રકમ પર તમને રીજનલ સેન્ટર વર્ષે દોઢથી બે ટકા વ્યાજ આપશે. સૌથી મોટી શરત છે કે તમારા પૈસા રિસ્ક પર રહેશે જે રીતે શેરબજારમાં હોય છે.

આ રોકાણ ઉપરાંત તમારે રીજનલ સેન્ટરની એડમિનિસ્ટ્રેટિવ ફી, એટર્નીની ફી અને ફાઈલિંગ ફી પણ ભરવાની રહે છે જે તમને પાછી નથી મળતી.

**આ પ્રોગ્રામ હેઠળ હું રોકાણ કરું તો મારી સાથે કોને કોને એનો લાભ મળી શકે?**

**ઉત્તર:-** આ પ્રોગ્રામ હેઠળ રોકાણ દરમિયાન જો તારા લગ્ન થાય તો તારી પત્નીને અને બાળકો થાય તો બાળકોને પણ ગ્રીનકાર્ડ મળી શકશે. ટૂંકમાં રોકાણકારના પતિ કે પત્ની અને 21 વર્ષની નીચેના અવિવાહિત સંતાનોને પણ ગ્રીનકાર્ડ મળી શકે છે.

**મારે આ રોકાણ ક્યારે કરવું જોઈએ?**

**ઉત્તર:-** મારી સલાહ છે કે આ રોકાણ તુરંત જ કરવું જોઈએ કારણ કે અત્યારે આ પ્રોગ્રામ 30 સપ્ટેમ્બર 2026 સુધી જ રોકાણ કરવાની પરવાનગી આપે છે. ત્યારબાદ આ પ્રોગ્રામ બંધ થઈ જવાની અથવા એની ફી વધી જવાની શક્યતાઓ છે. આ વધારો લગભગ એક થી દોઢ લાખ ડોલર્સ જેટલો થઈ શકે.

**મને H-1B અને EB-5 વચ્ચે સરખામણી કરી બતાવો ને.**

**ઉત્તર:-** H-1B માં તમારો એમ્પ્લોયર 1,00,000 ડોલર્સની ફી ભરશે જે એ આગળ જતાં તમારી પાસેથી વસૂલશે.

EB-5 માં તમે જાતે લગભગ ૮ થી ૯ લાખ ડોલર્સ ખર્ચશો જે આગળ જતાં તમને પાછા મળવાની શક્યતા રહેશે.

H-1B માં તમે તમારા એમ્પ્લોયરની દયા પર જીવશો. એ તમારા માટે ગ્રીનકાર્ડનું પિટિશન દાખલ કરશે અને એ તમને નોકરીમાં જ્યાં મોકલશે ત્યાં તમારે કામ કરવા જવું પડશે. તમે એ નોકરી છોડી નહીં શકો અથવા પ્રમોશન માટે પણ દબાણ કરી નહીં શકો.

EB-5 માં તમે ગમે ત્યાં રોકાણ કર્યું હોય તમે તમારી મરજી મુજબ જ્યાં રહેવું હોય ત્યાં રહી શકશો તમારે જે કામ કરવું હોય તે કરી શકશો.

H-1B માં ગ્રીન કાર્ડ કાયમનું થતાં વર્ષો લાગી જાય છે.

EB-5 માં તમે જો યોગ્ય જગ્યાએ રોકાણ કર્યું હોય તો તમારું ગ્રીનકાર્ડ ચાર યા પાંચ વર્ષમાં કાયમનું થઈ જશે.

H-1B હેઠળ હવે એમ્પ્લોયરો પરદેશમાં રહેતા લોકોને નોકરી પર રાખતા ખચકાય છે કારણકે એમને ખૂબ મોટી એટલે કે 1,00,000 ડોલર્સ જેટલી ફી ભરવી પડે છે જે તેમને પાછી પણ મળતી નથી.

EB-5 પ્રોગ્રામ હેઠળ તમે રોકાણ કરેલી રકમ તમને યોગ્ય જગ્યાએ રોકાણ કર્યું હોય તો પાછી મળી જાય છે અને તમારે તમારા માલિકના આધારે રહેવું નથી પડતું. તમે પોતે જ તમારી મરજીના માલિક રહો છો.

તમે H-1B ને બદલે EB-5 પ્રોગ્રામને પ્લાન B તરીકે પસંદ કરી શકો છો. એપ્રિલ 2026 સુધી આ પ્રોગ્રામ હેઠળ રોકાણ કરવાના ક્વોટા ભરાઈ ગયા નથી આથી તમારે ખૂબ ઝડપથી નિર્ણય લેવો જોઈએ કારણકે એના ડોક્યુમેન્ટ ભેગા કરવાનો અને એ ડોક્યુમેન્ટ્સ ચાલશે કે નહીં એ બધું ચેક કરતાં અમને લગભગ ત્રણથી ચાર મહિનાનો સમય લાગી શકે છે. તમારે જે કરવું હોય એ સપ્ટેમ્બર 2026 પહેલાં કરવું જોઈએ.

બાકી H-1B તો લોટરી છે. એમાં નંબર લાગે તો લાગે. જ્યારે EB-5માં બધું જ રોકાણકારના હાથમાં છે. કયા રીજનલ સેન્ટરમાં પૈસા રોકવા, અમેરિકામાં ક્યાં રહેવું, ધંધો કરવો કે નહીં અને જો કરવો તો કયો કરવો અને ક્યાં કરવો આ બધા જ નિર્ણયો લેવાના રોકાણકારના હાથમાં છે.

H-1B હેઠળ નોકરી કરવા માટે અમેરિકન કંપની તમને અમેરિકા બોલાવતા ખચકાશે કારણ કે એ લોકોને ત્યાંના નાગરિકોની નોકરીઓ છીનવાઈ જવાનો ડર રહેશે. જ્યારે EB-5 હેઠળ રોકાણ કરનારને અમેરિકા આવકારશે કારણ કે રોકાણકાર એમના દેશમાં માત્ર પૈસા જ નથી રોકતો પણ સાથે સાથે અમેરિકનો માટે નોકરીની તકો પણ ઊભી કરે છે.

ચિંતન, તારી સામે મેં બધા વિકલ્પો મૂકી દીધા છે. હવે નિર્ણય લેવાનો તારા હાથમાં છે. જે પણ નિર્ણય લે એ જલ્દી લેજે કારણ કે EB-5 પ્રોગ્રામ જલ્દી બંધ થશે અથવા એના પૈસા વધી જશે.




**હવે ચિંતન પોતે પણ ચિંતામાં પડી ગયો કે એણે H-1B પર અમેરિકામાં નોકરી કરવા જવું કે નહીં અને એની કંપની શું આ એક લાખ ડોલર્સ એના માટે ભરશે?**